ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૭-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

કોંગ્રેસ સામે ચારે દિશામાં પડકાર

દેશની સૌથી મોટી અને સૌથી જૂની રાજકીય પાર્ટી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એની કારકિર્દીની સૌથી કારમી કસોટીમાંથી પસાર થઇ રહી છે. કોઇએ સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય કે છેક ૧૮૮૫ના વર્ષમાં સ્થપાયેલ રાષ્ટ્રીય પક્ષ આઝાદી પછી સુદીર્ઘ શાસનની તક મળ્યા બાદ એની સવાશતાબ્દી ટાણે આવી વસમી હાલતમાં મુકાઇ જશે. પંડિત નહેરૂના હાથમાં સત્તાનાં સૂત્રો આવ્યા પછી પાર્ટીમાં એકાધિકાર જેવી સ્થિતિ જ પ્રવર્તતી હતી. વડાપ્રધાન થવાની લાયકાત ધરાવતા નહેરુના સમોવડિયા ધુરંધરો પણ એમનાં જ ઇશારે ચાલવા લાગ્યા હતા. એટલે ચીનના અણધાર્યા આક્રમણ પછી નહેરૂ અક્ષરક્ષઃ તનથી અને મનથી ભાંગી પડ્યા હોવા છતાં છેક ૨૭ મે, ૧૯૬૪ના દિવસે એમનું અવસાન થયું ત્યાં સુધી 'નહેરુ પછી કોણ?' એ પ્રશ્નનો કોઇ ઉત્તર ઉપલબ્ધ નહોતો. વરિષ્ઠ નેતાઓ વચ્ચે અંદરોઅંદર યાદવાસ્થળી જરૂર હતી, છતાં કોંગ્રેસમાં સંગઠનની જબરદસ્ત આમન્યા પ્રવર્તતી હોઇ દેશના નવા સુકાની લાલબહાદુર શાસ્ત્રીનું નામ સર્વસંમતિથી નક્કી થઇ શક્યું હતું. મોરારજી દેસાઇની સિનિયોરિટી કે લાયકાત શાસ્ત્રીથી લેશ પણ ઓછી નહોતી, પરંતુ ત્યારે કોંગ્રેસમાં હિંદીભાષી પટ્ટાની ભારે બોલબાલા હતી. શાસ્ત્રીના અણધાર્યા અવસાન પછી એ જ હિંદી પટ્ટાના આગેવાનોએ મોરારજી દેસાઇ સામે નહેરૂનંદિની પ્રિયદર્શિની ઇન્દિરા ગાંધીનું નામ આગળ કર્યું ત્યારથી કોંગ્રેસ એક જ પરિવારની જાગીર બની ગયેલ છે. છેલ્લે નહેરુની ચોથી પેઢીના પ્રતિનિધિ રાહુલ ગાંધીને પક્ષનું સુકાન સોંપી છેલ્લી ચૂંટણીમાં રાષ્ટ્રીય નેતા તરીકે પ્રોજેક્ટ કરાયા પરંતુ મોદી સામે એમનો પનો ટૂંકો પડ્યો, એટલું જ નહીં, કયારેક કોંગ્રેસના મજબૂત ગઢ ગણાતા હિંદી પટ્ટામાં તો એનો એકડો જ નીકળી ગયો. રાહુલની બાંધી મૂઠી ખૂલી ગઇ. દસ વરસના યુપીએ શાસનની અનેક બિરદાવવાલાયક સિદ્ધિઓ હાંસિયે ધકેલાઇ ગઇ અને ભ્રષ્ટાચાર તેમજ મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દા ઉછાળી નામશેષ થઇ ગયેલા એનડીએ ફરી વાર ભારે બહુમતી સાથે સત્તા પર આવી ગયું. મોદીવેવની અસર હેઠળ કોંગ્રેસ અને એના સાથી પક્ષોનું ધનોતપનોત નીકળી ગયું તે ત્યાં સુધી કે જયાં ભાજપના નામની કોઇ છીંકણી નહોતું લેતું એવા આસામ કે દખ્ખણમાં પણ એનો ધમાકેદાર પ્રવેશ થયો. મહારાષ્ટ્રમાં તો કોંગ્રેસનો સાવ જ ઘડોલાડવો થઇ ગયો. હરિયાણા અને જમ્મુ-કાશ્મીર જેવા રાજયોમાં પણ કોંગ્રેસની દુર્દશા થતાં સાથી પક્ષોએ કોંગ્રેસ સાથે છેડો ફાડી દેવામાં શ્રેય ગણ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં ઉધમપુર હિંદુ નેતા લાલસિંહને બદલે વરિષ્ઠ નેતા પૂર્વમંત્રી ગુલામનબી આઝાદને ટિકીટ અપાતાં આઝાદ તો હાર્યા જ; વળી એક જીતવાની શક્યતા ધરાવતા સ્થાપિત નેતાએ એમની ઉપેક્ષાના મુદ્દે પાર્ટીને રામરામ કરી દીધા. હરિયાણામાં સૌથી સિનિયર કોંગ્રેસી નેતા વીરેન્દ્રસિંહે ખુલ્લંખુલ્લો બળવો પોકાર્યો છે. વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રિસંહ હુડ્ડાના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડવાની એમને ચોખ્ખી ના પાડી દીધી છે. હુડ્ડાને હટાવવાની ઝુંબેશમાં સફળતા નથી મળતાં આ વરિષ્ઠ નેતા સખત નારાજ છે. ગત લોકસભાની ચૂંટણી ટાણે જ યુપીએ સરકારના મંત્રી અને ગુડગાંવના સાંસદ નરેન્દ્ર મોદી સાથે આગોતરી સમજૂતી કરી ભાજપમાં જોડાઇ ગયા હતા. હાલ તેઓ કેન્દ્ર સરકારમાં મંત્રીપદ સંભાળી રહ્યા છે. ફારૂક અબ્દુલ્લા અને ઉંમર અબ્દુલ્લાએ વિધાનસભાની ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસ સાથે છેડો ફાડી દીધો છે. જેથી જમ્મુ અને કાશ્મીરમાં કોંગ્રેસ બધી બેઠકો પર એકલે હાથે ઝઝૂમવા લાચાર બની ગઇ છે. આસામમાં લોકસભાની ચૂંટણીમાં હેટ્રીક મારનારા મુખ્યમંત્રી તરૂણ ગોગાઇની ગાદી ભયમાં મુકાઇ ગઇ છે. આરોગ્ય મંત્રી હિમાંતા વિશ્વશર્માએ એકત્રીસ ધારાસભ્યો સાથે રાજયપાલને મળી ગોગોઇને મુસીબતમાં મૂકી દીધા છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને માંડ બે મહિના બાકી રહ્યાં છે, ત્યાં કોંકણપટ્ટીના બેતાજ બાદશાહ ગણાતા પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેએ પાર્ટી હાઇકમાંડ દ્વારા પોતાની સાથે વિશ્વાસઘાત કરાયો હોવાનો આક્ષેપ કરી ઉદ્યોગ અને મહેસૂલ મંદીપદેથી રાજીનામું આપી દીધું છે. શિવસેના છોડીને કોંગ્રેસમાં પ્રવેશ્યા ત્યારે એમને છ મહિનાની અંદર મુખ્યમંત્રી બનાવવાનું વચન અપાયું હતું. સોનિયા ગાંધી એમનું વચન નવ વર્ષ લગી પાળી શક્યાં નથી. વર્તમાન મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણ પોતે ચોખ્ખા હશે પરંતુ તેમની કાર્યપદ્ધતિ સામે રાણેને સખત વાંધો છે. સરકારમાં ભ્રષ્ટાચાર ચરમસીમા પર છે. જો આ જ સ્થિતિમાં ચૂંટણી લડવાની આવશે તો કોંગ્રેસ એમને મનાવી લેવા આકાશપાતાળ એક કરી રહી છે. પરંતુ મરાઠા સરદાર શરદરાવ પવાર અને એમની રાષ્ટ્રવાદી કોંગ્રેસ હવે નબળી પડી ગયેલી 'સોનિયા કોંગ્રેસ' સાથે નાનાભાઇની ભૂમિકામાં રહેવા હરગિજ તૈયાર નથી. વિધાનસભાની અડધોઅડદ બેઠકો - અર્થાત્ ૧૪૪ બેઠકો પર ચૂંટણી સમાધાન ન થાય તો પવારની પાર્ટી એકલા હાથે બધી બેઠકો લડી લેવા કૃતસંકલ્પ છે. આમ, લોકસભામાં મરણતોલ ફટકો પડ્યા પછી કોંગ્રેસને ચોમેર પડકારો જ પડકારો સાંપડી રહ્યાં છે. મોદી સરકાર અપેક્ષાઓમાં ઊણી ઊતરી હોવા છતાં કોઇ ચમત્કાર જ કોંગ્રેસને એની ગુમાવેલી પ્રતિષ્ઠા પરત અપાવી શકે એવી માઠી દશા બેઠી છે. લોકસભામાં કોંગ્રેસને વિરોધપક્ષના નેતાનું પદ આપવા મોદી સરકાર હરગિજ તૈયાર નથી. ચારે બાજુથી ઘેરાયેલા કોંગ્રેસના યુવરાજ પાર્ટીમાં થઇ રહેલ બળવાખોરીને પાર્ટીનો અંગત મામલો કહી એ વિશે નિવેદન કરવાનું ટાળી રહ્યા છે તો બીજી તરફ રાહુલને કમલનાથ જેવા વરિષ્ઠ નેતા વધુ સક્રિય અને અસરકારક ભૂમિકા ભજવવાની ભજવવાની શિખામણ આપે છે. કોંગ્રેસમાં એવો ઘણો મોટો વર્ગ છે જે રાહુલને નેતા તરીકે અયોગ્ય ગણવા લાગ્યો છે. હવે તો 'નિર્લબ કે બલ રામ!'

જિલ્લાકક્ષાની અંડર-૧૭ હોકી સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલયનું શ્રેષ્ઠ પ્રદર્શન

ભાઈઓ–બહેનોની ટીમ રાજ્યકક્ષાએ પસંદગી પામી

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાકક્ષાની જવાહર જુનિયર અંડર-૧૭ હોકી સ્પર્ધા ભાઈઓ-બહેનોની સેક્ટર-૧૫ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખાતે યોજવામાં આવી છે. સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર મેળવ્યો છે. વિદ્યાર્થી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલ જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લાકક્ષાની અંડર હોકી સ્પર્ધામાં ભાગ લીધો હતો. સેક્ટર-૧૫ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાઈ રહી છે. જેમાં ભાઈઓની અંડર-૧૭ ટીમે પ્રથમ નંબર મેળવ્યો છે. આ ટીમ રાજ્યકક્ષાએ રમવા માટે પસંદગી પામી છે.

તેમજ જિલ્લાકક્ષાની અંડર-૧૭ બહેનોની સ્પર્ધામાં કુલ-૧૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. બહેનોની ટીમે પણ કાઠુ કાઢ્યું છે. આ ટીમ પણ રાજ્ય કક્ષાએ ભાગ લેશે. બહેનોની ટીમમાં સોનલ ચૌધરી, જ્યોત્સના, હિરલ, ફોરમ, ધરતી, સંગીતા, કાજલ, ઉર્મિલા, હિતાલી, કોમલ, ભાવિકા, દૃષ્ટિ, ખુશ્બુ, મિફના રાજ્યકક્ષાએ ભાગ લેશે. ભાઈઓ અને બહેનોની ટીમ વિજેતા થતા શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક લીલાબેન, વિનાક્ષીબેન દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને રાજ્યકક્ષાએ પણ વિજયી થાય તેવા આશીર્વાદ આપ્યા છે.

સેક્ટર-૭-ડી ના ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેક્ટર-૭-ડી દર વર્ષની જેમ ૭૫ વર્ષ પુરા કરનાર સભ્યોને શાલ ઓઢાડીને સન્માનિત કરશે. સેક્ટર-૭-ડી ના ૧૩૫ સભ્યોમાંથી આજ સુધીમાં ૫૦ જેટલા સભ્યોનું સન્માન કરવામાં આવી છે. વીસ વર્ષોથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે.

ચાલુવર્ષસેક્ટર-૭-ડી ના ૮ વડીલોનુંસન્માન ઓગષ્ટમાંયોજાનાર છે. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને પ્રમુખશ્રી જયંતભાઈ જી. ભટ્ટ રહેશે. આ કાર્યક્રમમાં વાર્ષિક હિસાબો પણ રજુ કરવામાં આવશે. મહામંત્રીશ્રી કે.ઓ. વ્યાસે જણાવેલ છે.

વી-કેર ફાઉન્ડેશને યોગ પાઠ શિખવ્યા

ગાંધીનગર, તા. ૨૨

વી-કેર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા મગોડીમાં આવેલ પી.આર. ઠકકર વિદ્યાવિહારના વિદ્યાર્થીઓને યોગાસનના પાઠ ભણાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને યોગ દ્વારા શિક્ષણમાં યાદ શકિત વધે છે. નિયમિત યોગથી નિરોગી રહેવાય છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે તેમજ વિવિધ યોગાસનો કરાવવામાં આવ્યા હતા. યોગાસન ઉપરાંત બેટી બચાવો, વ્યસન મુકિત, પર્યાવરણ બચાવો, વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન જે.સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભાટ સર્વોદય વિદ્યામંદિરમાં વર્તમાન યુગમાં કોમ્પ્યુટરનું મહત્વ પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

સર્વોદય વિદ્યામંદિર ભાટ ખાતે પ્રક્ષાલ આઈ.ટી. એકેડમી દ્વારા વર્તમાન યુગમાં કોમ્પ્યુટરનું મહત્વ વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન આપવામાં આવ્યું હતું.

તાલુકાના ભાટ ગામની સર્વોદય વિદ્યામંદિરમાં ગત તા. ૪ જુલાઈના રોજ પ્રક્ષાલ આઈ.ટી. એકેડમી અમદાવાદ દ્વારા કોમ્પ્યુટરનું મહત્વ વિશે સેમિનાર યોજવામાં આવ્યો હતો. ગામમાં આવેલ કોમ્પ્યુનિટી હોલમાં યોજાયેલ સેમિનારમાં કંપનીના તજજ્ઞો દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરથી શુ થઈ શકે છે તેના ફાયદા અને તેની કાર્યક્ષમતા પર વિશેષ માહિતી પુરી પાડવામાં આવી હતી. તેમજ હાલના સમયમાં કોમ્પ્યુટરના જ્ઞાનથી રોજગારી આસાનીથી મળી શકે છે તેમ જણાવવામાં આવ્યું હતું. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને વિવિધ પ્રોગ્રામ બનાવવામાં આવ્યા હતા. જેનું હાલ ખુબજ માંગ છે. આવા પ્રોગ્રામ શિખવાથી રોજગારી ઝડપથી મળી શકે છે. આ કાર્યક્રમમાં આચાર્ય જે.જે. પટેલ, સ્ટાફગણ, સરપંચ કનુભાઈ રાઠોડ, ડેપ્યુટી સરપંચ હર્ષદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત નાયી, વાળંદ સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ ગુજરાત નાયી, વાળંદ સમાજ ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. મંડળ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ માં ૬૫ ટકા કે વધુ ગુણ લાવનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. સમાજના જે વિદ્યાર્થીઓએ આ સિદ્ધિ મેળવી છે તેમણે તા. ૩૧ ઓગષ્ટ સુધી પોતાની માહિતી સંસ્થાના કાર્યાલય ખાતે મોકલી આપવાની રહેશે. ત્યાર બાદ આવેલી અરજીને ધ્યાને લેવામાં આવશે નહિ તેમ મંડળના ટ્રસ્ટી ભરત સુર્યાવાલાએ જણાવ્યું છે.

સેક્ટર-૨૩ એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં ફ્રેશર્સ પાર્ટી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં નવા વર્ષના વિદ્યાર્થીઓને આવકારવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને મિ. ફ્રેશર્સ અને મિસ. ફ્રેશર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા નવા વિદ્યાર્થીઓને આવકારતો કાર્યક્રમ ખીમજી વિસરામ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. તેમજ ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ફ્રેશર્સ પાર્ટીમાં કોલેજના ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવા વિદ્યાર્થીઓ કોલેજમાં આવતા તેમને અનુકૂળ વાતાવરણ કરવા માટે કોલેજ દ્વારા ફ્રેશર્સ વાતાવરણ કરવા માટે કોલેજ દ્વારા ફ્રેશર્સ પાર્ટી યોજવામાં આવી હતી.

પાર્ટીમાં મિ. ફ્રેશર્સ અને મિસ. ફ્રેશર્સ સ્પર્ધા યોજવામાં આવી હતી. પાર્ટી નવા આવેલા વિદ્યાર્થીઓમાં રહેલુ ટેલેન્ટ જાણવા માટે રાખવામાં આવી હતી. આ પાર્ટીમાં મિ. ફ્રેશર્સ તરીકે કૃપલ ડોડિયા અને મિસ. ફ્રેશર્સ તરીકે કંગન વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જૈમિની કુલકર્ણી અને નીરવ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

બેટા આને પેન્સિલ કહેવાય, આમાં કી બોર્ડ ભરાવવા યુ એસ બી પોર્ટ ન હોય... સીધું જ કાગળ પર લખવાનું...!!

જ્ઞાનકુંભ - દર્શન માર્ગ વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં ગુજરાતનાં કયો શહેરમાં સ્ટેટ ઓફ ધી આર્ટ એડિટોરિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
➜ **સુરત**

૨. તાજેતરમાં કયા દેશનું યાત્રી વિમાન રહસ્યમય સંજોગોમાં ગુમ થવાની ઘટના બની હતી ?
➜ **મલેશિયા**

૩. ૨૦૧૪માં રહસ્યમય સંજોગોમાં ગુમ થનાર મલેશિયા દેશનું કયું વિમાન હતું ?
➜ **M.H.370 યાત્રી વિમાન**

૪. ૨૦૧૪માં વિજય હજારે ક્રિકેટ ટ્રોફી કઇ ટીમે જીતી હતી ?
➜ **કર્ણાટક ટીમે**

૫. ૨૦૧૪માં 'પબ્લિક ઇશ્યુજ બી ફોર પાર્લામેન્ટ' નામના પુસ્તકનું વિમોચન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?
➜ **ઉપરાષ્ટ્રપતિ હામીદ અન્સારી**

૬. સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠન **(UNWTO)** દ્વારા ભારતમાં કયા સરોવરને ડેસ્ટિનેશન ફલાય વેજ નામ આપવામાં આવ્યું છે ?
➜ **ચિલ્કા સરોવર (ઓરિસ્સા)**

૭. ૨૦૧૪માં વિશ્વ આયુર્વેદિક મહોત્સવ કયા રાજયમાં યોજાયો હતો ?
➜ **કેરલ**

૮. ૨૦૧૪માં કેનેરા બેન્ક દ્વારા કયા ઉભરતાં ક્રિકેટરને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો છે ?
➜ **શિખર ધવન**

૯. ૨૦૧૪માં ૨૦૧૪માં ક્રિકેટ ઓફ ધ જનરેશન પુરસ્કારથી કયા ક્રિકેટરને સન્માનિત કરવામાં આવ્યો હતો ?
➜ **સચિન તેંડુલકર**

૧૦. ૨૦૧૪માં બ્લ્યુ અને વાઇટ ફલાઇ પક્ષી ભારતમાં પહેલીવાર કયા પ્રદેશમાં જોવા મળે છે ?
➜ **અંદમાન નિકોબાર**

૧૧. ૨૦૧૪માં પ્રકાશિત થયેલ **'INDIA AT RISK'** પુસ્તકનાં લેખક કોણ છે ?
➜ **જશવંત સિંહ**

૧૨. ૨૦૧૪માં આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડીએ કઇ નવી રાજનૈતિક પાર્ટીની રચના કરી છે ?
➜ **જય સમૈકયાંધ પાર્ટી**

૧૩. ૨૦૧૪માં ઇલ્હાબાદ બેંકના અધ્યક્ષપદે કોની નિમણૂંક કરવામાં આવી છે ?
➜ **રાકેશ સેઠી**

૧૪. ૨૦૧૪નો રામાનુજ ગણીત પુરસ્કાર કોને આપવામાં આવ્યો હતો ?
➜ **આનંદ કુમાર**

૧૫. ૨૦૧૪માં ખજૂરાઓ નૃત્ય મહોત્સવ કયા પ્રદેશમાં યોજાયો હતો ?
➜ **મધ્યપ્રદેશ**

૧૬. વર્ષ ૨૦૧૪માં જી-૮ દેશોના સમુહ સંગઠનમાંથી કયા દેશને નિલંબિત કરવામાં આવ્યો છે ?
➜ **રશિયા**

૧૭. ૨૦૧૪માં માર્ચ મહિનામાં કેન્દ્રીય રીઝર્વ પોલીસદળના સ્થાપનાના કેટલા વર્ષ પૂર્ણ થયા હતા ?
➜ **૭૫ વર્ષ**

૧૮. ૨૦૧૪માં રાષ્ટ્રીય બિલિયર્ડ ચેમ્પિયનશીપ કયા ખેલાડીએ જીતી હતી ?
➜ **શોરવ કોઠારી**

૧૯. ૨૦૧૪માં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કચ્છના રણમાં કંઇ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું ?
➜ **રન ફોર રણ**

૨૦. વર્ષ ૨૦૧૪ રિલાયન્સ ઇન્ફોકોમના નવા પ્રમુખ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **સુનીત દત્ત**

'પેરેન્ટીગ ફોર પીસ' ચળવળ - વાત છે બાળઘડતર થકી વિશ્વશાંતિની દિશામાં સંવાદની...

વિચારોનાં મધુવનમાં
પ્રા. ડૉ. રાકેશ પટેલ

બાળકને વાર્તા કહેવાનું ભૂલેલી નવીન રેડી - મોમ બનેલી પેઢી કયારેક બાળકને એક અભ્યાસક્રમની જેમ માનીને ચાલે છે. મુદ્દાઓ અને પ્રશ્નોની જેમ તૈયાર કરાતાં બાળકો જીવનની સાચી પરીક્ષામાં ભૂલાઇ જતાં હોય છે. બાળકને પ્રેમની સાબિતી રમકડાંથી આપે અને સમય આપવાની સાબિતી કાર્ટૂન ફિલ્મથી આપે તો તેમને પણ કાર્ટૂનનું એક પાત્ર બનવાની તૈયારી રાખવી પડે. બાળકની ભૂખ માતાના ખોળા અને પિતાનો પ્રેમ વગર અધૂરી રહી જાય છે. બાળક સાથે ન રમતાં મા-બાપ જીવનની દોડમાં ભલે આગળ જાય પણ છેવટે ગોથું ખાઇ પડી શકે છે.

મનુભાઇ પંચોળી 'દર્શકે' કહ્યું વિશ્વશાંતિની ગુરુકિલ્લી નામની પુસ્તિકામાં જણાવ્યું છે કે 'મોટી શોધ અણુ કે પરમાણુ શક્તિને હું નથી ગણતો. છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી મોટામાં મોટી શોધ હું બાળશિક્ષણ શાસ્ત્રને ગણું છું. મારી અફર શ્રદ્ધા છે, જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો હશે, તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ શાંતિનું ક્ષેત્ર વિસ્તરશે, ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે. આનો અર્થ હું એવો લગીરે નથી કરતો કે શાંતિ માટેના રાજકીય કે આર્થિક પ્રયત્નોની કિંમત ઓછી છે. એવા પ્રયત્નો આપણા અભિનંદનને પાત્ર છે જ. કારણ કે સારું જીવન પણ જીવન હોય તો જ શક્ય છે, પણ હું ધ્યાન તો તે તરફ દોરવા માંગુ છું કે **Fences are needed for garden but fences cannot create flowers.** બગીચા માટે વાડની જરૂર છે, તેમ મુક્ત વિકાસ માટે મર્યાદિત રાજતંત્રની જરૂર છે જ, પણ વાડ ફૂલોને જન્મ આપી શકતી નથી તેમ વ્યવસ્થા જરૂરી હોવા છતાંયે તે આપોઆપ મુક્તિનો અનુભવ કરાવી શકતી નથી.'

દર્શક આગળ જણાવે છે કે 'યુનેસ્કોના ખતપત્રની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ યુદ્ધ પહેલાં માણસોનાં હૃદયમાં શરૂ થાય છે ને ત્યાં જ તેને ડામવું જોઇએ. વ્યક્તિઓનાં હૃદયમાં જ પરિવર્તન કરવાની રીત માનવજાત જમાનાઓથી શોધતી આવી છે. કારણ કે વ્યક્તિ પોતે આક્રમણ ન કરે, કે આક્રમણ ન હોય તો તોપો જાતે કાંઇ ફૂટવા માંડતી નથી. સ્વયંસંચાલિત મિલાઇલ્સનું પણ કોઇએ બટન દબાવવું પડે છે. તે આપોઆપ ઊડતાં નથી.'

'પેરેન્ટીગ ફોર પીસ' નામનાં સંવેદનશીલ સમૂહે હજી દોઢ વર્ષથી બાળકોનાં સુંદર ભવિષ્ય માટે નવેસરથી અને મજેદાર રીતથી કામગીરી પ્રારંભી છે. બાળઘડતર થકી વિશ્વશાંતિની દિશામાં એક કદમ મંડાઇ ચુક્યુ છે. 'પેરેન્ટીગ ફોર પીસ' ચળવળે ખરેખર તો પરિવારોને બાંધવાનું અને સમાજને જોડવાનું કાર્ય શરૂ કર્યું છે. બાળક ખૂબ જ પ્રભાવક્ષમ હોય છે. તે જે જુએ અને અનુભવે તે શીખે છે. તે પ્રેમ પામે તો પ્રેમ શીખે છે. ગુસ્સો, પ્રતિક્રિયા કે આક્રમકતા અનુભવે તો તે શીખે છે. બાળક નાનપણમાં માનસિક કે શારીરિક હિંસાનો ભોગ બને તો મોટા થઇને તે વ્યાજ સમેત પાછું આપે જ છે.'

રાજય અને રાષ્ટ્રની દિનરાત ચર્ચા અને ચિંતાનો ડોળ કરનારા લોકોને 'પેરેન્ટીગ ફોર પીસ' નામનું બૌદ્ધિક લોકોનું નાનકડું જૂથ ધારદાર પ્રશ્ન કરે છે. 'શું આપણે આપણી આવતી પેઢીને આવતીકાલ માટે સક્ષમ અને સંવેદનશીલ બનાવવા માટે પ્રયત્નશીલ છીએ?' 'પેરેન્ટીગ ફોર પીસ' અભિયાન બાળકો હિંસાનો ભોગ ન બને અને તેઓ પ્રેમ અને આનંદથી ભર્યું ભર્યું બાળપણ પામે તે માટે પ્રયત્નો કરે છે. વિશેષ કરીને મા-બાપ અને શિક્ષકોને કેળવવાનો પ્રયાસ કરે છે. અભિયાનના મુખ્ય સંયોજક હસમુખભાઇ કહે છે કે 'બાળકો સાથે આચરાતી હિંસા અને ત્રાસવાદનો ઊંડો સંબંધ છે તેમ હું કહું તો ઘણાને આશ્ચર્ય થશે. પણ મને આ બાબતે કોઇ શંકા નથી.'

(હસમુખભાઇ અત્યારે નાયબ પોલીસ મહાનિર્દેષક તરીકે સુરતમાં સેવા આપી છે.)

'પેરેન્ટીગ ફોર પીસ' અભિયાન ઘણા કાર્યક્રમો કરવા ધારે છે. જેમાં મુખ્ય છે... બાળકોની ભૌતિક અને ભાવનાત્મક જરૂરિયાત પુરી પાડવા મા-બાપને સક્ષમ બનાવવા, મા-બાપને સક્ષમ બનાવવા, મા-બાપ અને શિક્ષકોની કેળવણી જેથી તેઓ બાળક ઉછેર માટે સક્ષમ બને, મા-બાપનું કાઉન્સેલીંગ, તાલીમ સામગ્રી તૈયાર કરવી, જુદા જુદા માધ્યમોથી માહિતીનો પ્રસાર કરવો, વાલી મંડળો માટે જાગૃતિ કાર્યક્રમો કરવા. આ બધા કાર્યક્રમો રસાતા છેવટે સમાજને પ્રાપ્ત થાય છે... પ્રેમ અને આનંદથી ભર્યું ભર્યું બાળપણ, આત્મસન્માનયુક્ત બાળકો, ફરિયાદમુક્ત આવડતવાળા શક્તિશાળી માબાપ અને શિક્ષકો, પ્રામાણિક અને નીડર, શાંતિભર્યા નાગરિકો, માબાપનું સન્માન અને વડીલોને આદર. દિનાંક ૧૯ અને ૨૦ જુલાઇનાં દિવસોમાં સુરત મધ્યે 'પેરેન્ટીગ ફોર પીસ' અભિયાનનો એક કાર્યક્રમ યોજાઇ ગયો. કાર્યક્રમની મજા તેની વિવિધતા સભર રજૂઆતમાં હતી. પ્રારંભે દરેકને એક ફુગ્ગો આપીને જણાવાયું કે આ ફુગ્ગાને તમારે હવામાં જ રાખવાનો છે અને પડવા દેવાનો નથી. બધાએ તે પ્રમાણે કર્યું અને પછી જણાવ્યું કે આ જ રીતે તમારે તમારા બાળકને સાચવવાનું છે. કાર્યક્રમમાં નામી ડૉકટર્સ દ્વારા વિવિધ વિષયોની પીપીટી દ્વારા છણાવટ કરવામાં આવી છે. જેમાં, બાળઉછેરની વિવિધ પદ્ધતિઓ, કુટુંબનો પ્રકાર અને પરિવારના વાતાવરણની અસર, બાળકો અને તરૂણો સાથે સંવાદ, બાળકોને સમય આપો, બાળૌછેર દ્વારા સૂક્ષ્મ હિંસા નિવારણ, બાળકમાં શિસ્ત અને મૂલ્યોનું સિંચન, ભાવનાત્મક સ્વસ્થતા, પોષણ અને બાળક, તરૂણોનો ઉછેર, જાતિયતા અને જાતિય શોષણ, તણાવમુક્તિના ઉપાયો, મીડિયાની બાળકો પર અસર જેવા વિષયો મુખ્ય હતાં.

બાળકની શક્તિ વિશે શંકા કરવાને જરૂર નથી, દર્શક કહે છે કે 'બાળકમાં શક્તિનો ખજાનો પડ્યો છે. એને સતત પ્રવૃત્તિ જોઇએ. એ કદી થાકતું નથી. આપણને પણ પાછા પાડી દે. એક શેતરંજી પર તમે સુઇ જાઓ અને બીજી પર બાળકને સુવડાવો. બાળકની જેમ તમે પણ હાથ પગ હલાવો ને જુઓ કે પહેલાં કોના હાથ પગ વહેલાં બંધ થાય છે. બાળકમાં આ શક્તિ પડેલી છે એ જે જાણે છે તે જ સાચો શિક્ષક બની શકે. નગરોમાં કબૂતરખાનામાં ઊછરેલાં બાળકોને રમવા ધૂળ મળે ત્યારે આનંદઘેલા થઇ જાય છે. એમાંથી સાર નહિં કાઢીએ તો ભારે મોટી ખોટ સહેવી પડશે.'

બાળકને જેટલી વાર નિરાશાનો અનુભવ આપણે કરાવીએ છીએ તેટલી તેની આત્મશ્રદ્ધાની ઇંટો એક પછી એક ખસેડીએ છીએ. ને એની આત્મશ્રદ્ધા ગઇ તે તક આવ્યે આક્રમક થાય છે, ને તક ન મળે ત્યાં સુધી અરજદાર રહે છે. તેને આપણે દબડાવ્યો, રોવડાવ્યો, હીનપત આપી, તેને થયું કે એનો બદલો કેમ લેવો? પોતાનાથી નાનો મળશે તેને દબાડવશે, બીજા દેશ પર આક્રમણનાં નગારાં વાગે ત્યારે તેમાં ભરતી થઇને દેશસેવાના નિમિત્તે મનમાં ભરી રાખેલાં અપમાનોની કોઇનાં પણ દાજ કાઢી પોતાની વડાઇ સાબિત કરે છે. બાળશિક્ષણનું કામ ધાર્મિક કામ છે ને બાળશિક્ષકો શાંતિસૈનિકો છે. ભલે આવું કામ કરનારા શિક્ષકો ઝાઝો ન હોય, પણ જેતલા હોય તેટલા ભારે આદરને પાત્ર છે. કારણ કે સમાજના સ્વાસ્થ